કીમત ૦-૧-૩. સોદાગર. સને ૧૮૮૮.

૩૫૫૮ સ્ટાન્ડર્ડ કાપી બુક.

નંબર ૬.

છાપનાર—"સુરત સોદાગર પ્રેસ" દરિયા મહેલ.

આ કાપી બુક સઘળા સરકારી તથા ખાનગી બુક ડીપોમાંથી વેચાતી મળશે

DEED OF INSTALMENT.

કાંધાખત.

સંવત ૧૯૩૫ના અષાડ વદ ૬ને વાર બુધે તા૦ ૯મી જુલાઈ સને ૧૮૭૯ અંગ્રેજી દિને દેસાઇ ગોવંદજી દાજીભાઈની દુકાનના વહીવટ ચલાવનાર ડાહ્યાભાઈ મોરારજી. તથા નથુભાઈ મોરારજી. જોગ લી૦ કસ્બે વલસાડના રેહેનાર ડાહ્યાભાઈ રામભાઇ જત લખી આપું છું કે મરનાર અમારા પિતા રામભાઈ મોરારજીના નામથી તમારી દુકાને શામાદસ્તકના ખાતાની રૂહએ લેણ દેણ ચાલતું હતું, તે લેણદેણનો આજ રોજે હિસાબ કરીને બાકી રૂ ૧૪૫૦) અંકે ચોદસો પચાસ નીકળયા, તે મધ્યેથી મારા પંચમા હિસ્સાના રૂ ૨૯૦) અંકે બસે નેવું પોજીઆ તે નીચેની વીગતે મારે આપવાં.

૪૦) સાલ ૧૯૩૬ના માહા શુદ ૨ રૂા૦ ૪૦)	૪૦) સાલ ૧૯૪૦ના માહા શુદ ૨ રૂ ૪૦)
૪૨) સાલ ૧૯૩૭ના માહા શુદ ૨ રૂ ૪૨)	૪૨) સાલ ૧૯૪૧ના માહા શુદ ૨ રૂ ૪૨)
૪૨) સાલ ૧૯૩૮ના માહા શુદ ૨ રૂ ૪૨)	૪૨) સાલ ૧૯૪૨ના માહા શુદ ૨ રૂ ૪૨)
૪૨) સાલ ૧૯૩૯ના માહા શુદ ૨ રૂ ૪૨)	

૨૯૦

સદરહુ ઊપર મુજબ ચઢે ચડયા હપ્તા મારે આપવા ને એ હપ્તા મુદતસર નહિ આપું તો હપ્તો ચૂકયાની તા૦થી વ્યાજ માસ એકે સેંકડે એકે ટકા ૦॥ આના બાર ચઢેલા સાથે આપું સહી.

આ કાંધાખત મેં મારી રાજી ખુશીથી તથા અક્કલ [illegible]થી. તથા તનદુરસ્તીથી, લખી આપયું છે, તે કબુલ મંજુર છે. દા૦ અપુભાઈ અંબેલાલ.

અત્ર મતુ.		તત્ર શા. ખ
ડાહ્યાભાઈ રમભાઇ મતુ ઊપરે લખ્યા પ્રમાણે સહી. દા૦ પોતાના.	૧.	રતનજી રામભાઈ શાખ દ૦ પોતાના.
	૨.	રૂદરજી મકનજી શાખ દા૦ પોતાના.

DEED OF MORTGAGE.

સાનગીરોખત.

સંવત ૧૯૪૦ના માહા વદ ૬ને વાર રવેઊ. તારી ૧૭મી ફેબ્રુઆરી સને ૧૮૮૪ અંગ્રેજી દિને તાલુકે બારડોલીનું ગામ મોજે વરાડના રહેવાશી પટેલ મોરાર ભી[illegible] જાતના લેવા કણબી ઊમ્મર આશરે વર્ષ ૫૦ની [illegible] ખેતી વિગેરેનો. જોગ લી૦ એજ ગામ વાશી પટેલ જેરામ. તથા ત્રીકમ ભુધર જાતના લેવા કણબી ઊમ્મર [illegible]શરે વર્ષ ૫૦ અને ૩૫ની ધંધો ખેતીનો; જત એકે અને એકે જતે લખી આપીએ છઇએ કે, અમોએ આ[illegible] રોજે તમારી પાસેથી રૂ ૪૯૯) અંકે ચારસેં નવાણું કંપની સિક્કાના લીધા. તે દેવા સહી. એ રૂપિઆનું [illegible] દર માસે દર સેંકડે ટકો ૦॥ એટલે આના ૮ લેખે દી[illegible] બાકીના વ્યાજના વ્યાજ તથા જે વર્ષમાં અધિક [illegible] આવે, તેના વ્યાજ સાથે આપવા સહી. એ રૂપિઆ બદલામાં ડિસ્ટ્રિક્ટ સુરત, સબ ડિસ્ટ્રિક્ટ બારડોલીના નીચે લખેલા ગામમાં મિલકત તથા તેની વિગત. મોજે [illegible]માં વજીફા વિગેરેની જમીન નાગરજી લલ્લુના નામે છે. તે પૈકી નીચે મુજબની વિગત:-

૩૫૫૮

અક્યાબ બંદર અંગ્રેજી રાજયની ખરી ખૂબી બતાવે છે.

अक्याब बंदर अंग्रेजी राज्यनी खरी खूबी बतावे छे.

આ સંસારમાં 'સત્યતા ને પ્રમાણિકપણું ફાયદાકારક છે.

आ संसारमां सत्यता ने प्रमाणिकपणुं फायदाकारक छे.

ઈલિઝાબેથ રાણીએ સ્પેનની નૌકા સેનાને હરાવી હતી.

इलीझाबेथ राणीए स्पेनती नौका सेनाने हरावी हती.

ઈજિપ્તના પિરામિડ જેવડી ઈમારત પૃથ્વી ઊપર બીજી નથી.

ईजिप्तना पिरामिड जेवडी इमारत पृथ्वी उपर बीजी नथी.

એશિઆ ખંડમાં સર્વથી વધારે વસ્તી ચીનમાં છે.

एशिआ खंडमां सर्वथी वधारे वस्ती चीनमां छे.

ઔરંગજેબને હિંદુપર જૂલમ ન કરવા જસવંતસિંહે સૂચવ્યું

औरंगजेबने हिंदुपर जूलम न करवा जसवंतसिंहे सूचव्युं.

કલકત્તામાં મરેઠાને અટકાવવા, ૧૭૪૨માં ખાઈ ખોદાઈ.

कलकत्तामां मरेठाने अटकाववा, १७४२मां खाई खोदाई.

ગંગાની મોટી નેહેર લૉર્ડ ડેલહૌસીની કારકીર્દીમાં થઈ.

गंगानी मोटी नेहेर लॉर्ड डेलहौसीनी कारकीर्दीमां थई.

ચંદ્ર ઉપગ્રહ છે, ને પૃથ્વીની આસપાસ ૨૭½ દિવસમાં ફરે છે.

चंद्र उपग्रह छे; ने पृथ्वीनी आसपास २७½ दिवसमां फरेछे

જાપાન દેશ આ સૈકામાં વેપાર, ને સુધારામાં વધ્યો છે.

जापान देश आ सैकामां वेपार, ने सुधारामां वध्यो छे.

દા૦ લિવિંગસ્ટને આફ્રિકાના દક્ષિણ ભાગમાં શોધ કીધો.

दा॰ लिविंगस्टने आफ्रिकाना दक्षिण भागमां शोध कीधो.

ઢોળાવ અથવા ઢાળ એ યાંત્રિકશક્તિનો મુખ્ય ભેદ છે.

ढोळाव अथवा ढाळ ए यांत्रिकशक्तिनो मुख्य भेद छे.

થર્મામેટર નામનું યંત્ર ઊષ્ણતા માપવામાં આવેછે.

थर्मामेटर नामनुं यंत्र उष्णता मापवामां आवेछे.

દૂષિત માણસને પવિત્ર થવા, જગત્કર્ત્તાનું સ્તવન આવશ્યક છે.

दूषित माणसने पवित्र थवा, जगत्कर्त्तानुं स्तवन आवश्यक छे.

નાનાફડનવીસ આખા મરેઠી રાજ્યમાં શ્રેષ્ઠ કારભારી હતો.

नानाफडनवीस आखा मरेठी राज्यमां श्रेष्ठ कारभारी हतो.

પુરાણી ક્લિઓપેટ્રાસ નિડ્લ હાલમાં ટેમ્સ નદીની પાળપર છે.

पुराणी क्लिओपेट्रास निड्ल हालमां टेम्स नदीनी पाळपर छे.

લૉર્ડ બેન્ટિકે કપ્તાન સ્લિમનની મદદથી ઠગોનો નાશ કીધો.

लॉर्ड बेन्टिके कप्तान स्लिमनर्नी मदद्थी ठगोनो नाश कीधो.

ભારત નામના પુસ્તકમાં પાંડવ કૌરવનું યુદ્ધ, એ મુખ્ય બિના છે.

भारत नामना पुस्तकमां पांडव कौरवनुं युद्ध, ए मुख्य बिना छे.

માર્કિવસ ઓફ કાર્નવાલિસે બંગાળામાં સ્થાયી જમાબંધી કરી.

मार्किस ओफ कार्नवालिसे बंगाळामां स्थायी जमाबंधी करी.

રૈકાવિક એ ડેનમાર્કના ઐસલાંડ બેટમાં મુખ્ય શેહેર છે.

रैकाविक ए डेनमार्कना ऐसलांड बेटमां मुख्य शेहेर छे.

વ્યુત્પત્તિપાઠ શીખ્યા વિના ભાષાનું જ્ઞાન પરિપક્વ થતું નથી.

व्युत्पत्तिपाठ शीख्या विना भाषानुं ज्ञान परिपक्व थतुं नथी.

સર ઐસાક ન્યૂટન ગણિત અને ખગોળવિદ્યામાં કુશળ હતો.

सर ऐसाक न्यूटन गणित अने खगोळविद्यामां कुशळ हतो.

શેકસપિયર, બેકન, સ્પેન્સર, એ ગદ્ય પદ્યમાં નિપુણ હતા.

शेक्सपियर, बेकन, स्पेन्सर, ए गद्य पद्यमां, निपुण हता.

જ્ઞાન સમ્પાદન કરવાને હરકોઈએ અતિશય પ્રયત્ન કરવો.

ज्ञान सम्पादन करवाने हरकोईए अतिशय प्रयत्न करवो.

સર્વે નંબર.	જમીનની જાત.	એકર.	આકાર.	ઊત્તર.	દક્ષિણ.	પૂર્વ	પશ્ચિમ.
૯૩	ક્યારી.	૦—૧૭	૫—૦—૦	સરકારી ખરાબો.	ખાંજણ.	ખાંજણ.	જીવણ લલ્લુનું ખેતર.
૯૭	જરાએત	૪—૩૯	૭—૮—૦	કશન રામાનું ખેતર.	મકન નથુનું ખેતર.	ડાહ્યા જીવણનું ઘાસિયું.	મીઠા અમરગંસીનું ઘાસિયું.

ઊપર મુજબની મિલકત સર્વે જાતોના ઝાડો તથા હકો સહિત દરોબસ્ત ઉપરના ગરથના બદલામાં સાનગીરો આપી છે. એ મિલ્કત પેસ્તરથી અમારા કબજામાં ચાલી આવેલી કાયમ રાખી છે. માટે તમારા ઊપર લખેલા રૂપિઆ વ્યાજ સહિત ચુકતે હિસાબે આપેથી આ મિલકત સાનગીરોમાંથી છુટે સહી. ત્યાં સુધી અમો તથા અમારા વારસોનો દાવો તથા હક પહોંચે નહિં. આ મિલકત સંબંધી આજ પછી કોઈ હિસ્સેદાર અથવા ગીરોદાર વિગેરે પેદા થઈ દાવો કરે, તો તેનો તે દાવો ચાલે નહિ. આ દસ્તાવેજથી સર્વે તરેહથી રદ બાતલ થાય સહી. એ જમીનનાં સરકાર ધારાના રૂપિઆ અમારે ભરવા સહી. એ મિલ્કતને સરકાર વિગેરે તરફથી હરકત થાય તો તે હરકત અમારે સાથે રહી મટાડી આપવી સહી અને નહિ મટાડી આપીએ ને તે બાબતમાં તમને નુકશાન થાય, તો એ મિલ્કતનાં જોખમદાર અમો તથા અમારા વારસો થઈએ સહી. તમારા ઉપર લખેલા રૂપિઆ ચૂકતે હિસાબે વર્ષ ત્રણ પછી તમો જ્યારે માંગો ત્યારે આપવા સહી. આપતાં એોજાર કરીએ ને તમારે ફરિયાદ કરવી પડે, તો તે ફરિઆદીના ખર્ચ સુધાં તથા સદરહુ રૂપિઆ વસુલ થઈ તમારા હાથમાં આવે, ત્યાં સુધીના વ્યાજ સહિત ઉપર લખેલી મિલ્કતથી તથા અમારી જાતથી તથા અમારા વંશ વારસોથી તથા અમારી સરવે તરેહની માલ મિલકતથી વસુલ કરી લેવા તમો તથા તમારા વારસો મુખત્યાર છો. આ દસ્તાવેજ અમોએ અમારી રાજી ખુશી તથા અક્કલ હોંશિઆરીથી બિન કેફે તથા તનદુરસ્તીથી લખી આપ્યો છે, તે કબુલ મંજુર સહી. દા॰ નારણ મુળચંદના છે.

અત્ર ——— મતુ. તત્ર ——— શાખ.

પટેલ જોગી રામા મતુ ઉપર લખ્યા મુજબ સહી દા॰ પોતાના.

પટેલ ત્રીકમ ભુધર મતુ ઉપર લખ્યા મુજબ સહી દા॰ પોતાના.

૧. રતનજી રામભાઈ શાખ દા॰ પોતાના.

૧. ભીમભાઇ લાલભાઈ શાખ દા॰ પોતાના.

DEED OF SALE.

વેચાણખત.

સંવત ૧૯૪૦ના ચૈત્ર સુદ ૨ને વાર શનેગે. તારીખ ૨૯મી માર્ચ સને ૧૮૮૪ અંગ્રેજી દિને તાલુકે મંડવીનું ગામ મોજે બોઢાણના રહેનાર વાહોરા હસપજી હબરામજી ઉમર આશરે વર્ષ ૫૫ની ધંધો ખેતીનો જોગ લી॰ ગામ તડકેશ્વરના રહેનાર દયાળ ભાણા જાતના તળબદા કોળી ઉમર આશરે વર્ષ ૩૫ની ધંધો ખેતીનો જત હું તમને લખી આપું છું કે, આજરોજે તમારી પાસેથી રૂા॰ ૨૯૯

અંક અસેં નવાણું પોળીઆં, મારા સાવકાર સેઠ છગનલાલ રણછોડદાસ રહેવાશી મુળ અમીઆણુષ્ઠ.. ભરવા સારૂ લીધા તે ગરથના બદલામાં ડિસ્ટ્રિક્ટ સુરત, સ. ડિસ્ટ્રિક્ટ માંડવીનું ગામ મોજે તડકેશ્વરના કણબી..ડમ મારા કબજા વહીવટનું માળ્યાનું ઘર ગ.ળો ૧ ના બચેરી જમીન અમના ઇમારત સાહત. એ ઘર પુર્વે પશ્ચિમ પોહોળું ગજ ૭ તથા ઉત્તર દક્ષિણુ લાંબું ગજ ૪૫ આગલા નેવાંથી તે પાછલા કાછા સુધીનું. એની ચતુરસીમાં પુર્વે કણબી ઊકા ફકીરનું નાળિએરી ઘર છે. પશ્ચિમે શા૦ રામજી ઊકાનું ઘર છે, ઉત્તરે રાજય માર્ગ રસ્તો છે અને દક્ષિણે કાછાની જમીન મૂકી અને પેલી તરફ વલ્લભ દુવારકાની સરકારી ખેડ ખાતાના કીઆરડાની જમીન છે. એ ચતુરસીમ ના ખુંટનું ઘર ગાળો એક જમીન અમના ઇમારત તથા ઝાડો સહિત દરોબસ્ત ઊપરના ગરથના બદલમાં યાવત્ ચદ્રદિવાકરો ફળકાવળ રહિત વેચાણ ખંડી આપયુ છે. એ મિલકત પેસ્તરની મારા કબજા વહીવટમાં ચાલી આવેલી, તે આજરોજથી તમારા કબજા વહીવટમાં સોંપી છે, માટે હવેથી એ મીલકતના માલિકપણાના હકોથી તમારી મરજી મુજબ વહીવટ કરો, અથવા બીજા કોઇ પાસે કરાવો. એ સર્વ વાતે તમો માલિક મુખત્યાર છો. એ મિલકત સબંધી આજ પછી કોઇ હિસ્સેદાર અથવા ગીરોદાર વિગેરે પેદા થઇ, દાવો કરે, તો તેનો દાવો ચાલે નહિ, અને આ દસ્તાવેજથી તે સર્વે તરેહથી રદ બાતલ થાય મહી. એ મિલકતનો જેવી રીતે હું માલિક હતો તેજ રીતના તમો તથા તમારા વારસોને આથી માલિક મુખત્યાર કર્યા છે, માટે હવેથી તમને કોઇથી કશી તરેહેથી હરકત થાય નહિ. એ મિલકત ઊપરથી મારો તથા મારા વારસોનો દાવો તથા હક ઉઠયો છ તે તમો તથા તમારા વારસોનો દાવો તથા હક કર્યો છે. આ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશી તથા અક્કલ હોંશીઆરીથી તથા બીનકેફ તથા તનદુરસ્તીથી લખી આપ્યો છે, તે કબુલ-
મંજુર છે. દા૦ રઘનાથજી હરીભાઇના છે.

અત્ર —— મતુ.		તત્ર —— શાખ.
કોળી દયાળ ભાણા મતુ ઉપર લખ્યા મુજબ કબુલ મંજુર સહી દા૦ પોતાના.	૧.	કણબી દુલભરામ શાખ ધણી બે હજુર.
	૧.	શા૦ રામજી ઉકા શાખ ધણી બે હજુર.

DEED OF LIQUIDATION-

ફારગતી.

સંવત ૧૯૪૦ના ચૈત્ર શુદ ૫ને વાર સોમ, તા૦ ૩૧મી માર્ચ સને ૧૮૮૪ અંગ્રેજી દિને તાલુકે પારડીનું ગામ મોજે ઊમરસાડીના રહેવાશી શા૦ દેવચંદ ઝુમર. જોગ લી૦ મુંબઇવાશી શા૦ કેશરીચંદ અમીચંદ, જત હું તમોને લખી આપું છું કે, અમારૂં લેણું તમારી પાસે ચીઠી તથા ખાનગી રૂકાથી હતું, તે સર્વે તમારી પાસેથી હિસાબની રૂઇથી આજ દિનથી ભરી પુરી પામ્યા છીએ. હવેથી તમારે હમારે અબરામ કુલ ન દાવા એટલે આપણું એક બીજાને કોઇપણ પ્રકારનું દેવું લેણું રહ્યું નથી, અને તેની આ ફારગતી મારી રાજી ખુશી તથા અક્કલ હોંશિઆરીથી લખી આપી છે. એથી જે ફરે તે પોતાના ધર્મથી ફરે. દા૦ ભાણાભાઇ રૂદરજીના છે.

અત્ર —— મતુ.		તત્ર —— શાખ
કેશરીચંદ અમીચંદ મતુ ઊપર લખ્યા મુજબ સહી દા૦ પોતાના.	૧.	રૂપચંદ જેચંદ શાખ ધણી બે હજુર.
	૧.	ધનજી રૂમા શાખ ધણી બે હજુર.